પ્રસ્તાવના.

આ પુસ્તક કેવા પ્રકારનું છે, તે તેના સુપ્રસિદ્ધ વિષયને લીધે જણાવવાની જરૂર નથી. મહાત્માઓ જ્ઞાનના પ્રભાવે આ માયિક જગતને આશ્ચર્ય પમાડી ગયા તેજ વિદ્વાનો કાંઈક આભાસ સંસારિક માયામાં આસક્ત થઈ રહેલા મારા માનવ બંધુઓને આપવાને સારૂ આ પ્રયત્ન કરવામાં આવ્યો છે. આમાં વર્ણવેલા વિષયો એવી સરળતાથી સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે કે જેનો લાભ સાધારણમાં સાધારણ બુદ્ધિનો માણસ પણ લેઇ શકે તેથી મને આશા છે કે આ પુસ્તક સજ્જનના સન્માનને પ્રાપ્ત થશે જ.

જન્મનું સાર્થક અને આત્માનું કલ્યાણ કરવાનો માર્ગ સૌ કોઇને પ્રીય હોય છે અને તેથી તેવી દિશાઓ તરફ વળવાની સવળતા કરી આપવાને ગુર્જર વિદ્વાનો તથા શ્રીમાનો પ્રયત્ન કરશે તો હું અત્યંત આનંદ પામીશ. હાલ એજ.

સંશોધક.

અર્પણ.

પ્રાણીમાત્રનું તથા પોતાનું સર્વ પ્રકારનું હિત ઇચ્છવું તથા યથાશક્તિ ભલું કરવું, એવો મુદ્રાલેખ જે જે સજ્જનોના સરળ હૃદયમાં છે, તે પુન્યશાળીઓને આ ગ્રંથ સપ્રેમ અર્પણ કરવામાં આવે છે.

લી.

પ્રકાશક.

ચુનીલાલ રામચંદ્ર દવે.

અનુક્રમણિકા.

વૃત્તિઓનો નિરોધ શી રીતે થાય, તે આપણે ક્રમશુંજ વિચારીશું. પરન્તુ તેમ કરવા પહેલાં, આપણે જે મનને વશ કરવા માગીએ છીએ તે મન કેવા પ્રકારનું છે તે આપણે વિચારીશું તો ઠીક પડશે.

મન છે તે પતાકાના પટ જેવું; કુંજરના કાન જેવું તેમજ શરદ ઋતુના અભ્ર જેવું ક્ષણે ક્ષણે બદલાતું તેમજ અસ્થિર છે. એક ક્ષણમાં આ વિચારમાં રમતું, બીજી ક્ષણે બીજા વિચારમાં દોડતું; એક પળમાં એક કલ્પના કરતું, બીજીજ પળે તદ્દન જુદાજ પ્રકારના તરંગમાં ખેંચાઇ જતું—ક્ષણે ક્ષણે નવીન સૃષ્ટિઓ રચતું અને નાશ કરતું એવું આ મન અતિ ચંચળ છે. આ મનની ચંચળતા અત્યારે આપણેજ માત્ર અનુભવીએ છીએ એમ કાંઈ નથી; અગાઉ મ્હોટા મ્હોટા પુરૂષોને પણ ત્હેનો અનુભવ કરવો પડ્યો છે. તેઓએ શબ્દોદ્વારા તે વાતને પ્રસિદ્ધ પણ કરી છે. શ્રીમદ્ આનંદઘનજી કહે છે કેઃ—

મન સાધ્યું તેણે સઘળું સાધ્યું, એ વાત નહિ ખોટીજી;
પણ કહે સાધ્યું તે નવિ માનું, એ વાત છે બહુ મોટીજી.

યોગ શાસ્ત્રના રચનાર શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય પણ જણાવે છેઃ—

अति चचंलमतिसूक्ष्मं सुदुर्लभं वेगवत्तया चेतः

મન અતિ ચંચળ અને અતિ સુક્ષ્મ છે અને ત્હેના નિત્ર વેગને લીધે મુશ્કેલીથી રોકી શકાય તેવું છે. દૈવી સંપત (દૈવી ગુણો) જેનામાં પ્રકટ થયેલા હતા એવા અર્જુને પણ શ્રીકૃષ્ણ આગળ નિરાશા સાથે જણાવ્યું હતું કે, મન હઠીલું, મજબૂત, ન વળી શકે તેવું અને પવનની માફક વશ કરવું મુશ્કેલ છે. તે વખતે કૃષ્ણે અર્જુનને જે બે માર્ગનો ઉપદેશ આપ્યો હતો, તે દરેક હૃદયમાં સંગ્રહી રખાવા લાયક

પુરૂષો કોઈ મ્હોટા પ્રસંગની રાહ જુએ છે કે જે વખતે તેઓ સર્વ વસ્તુઓનો ત્યાગ કરી શકે કે વૈરાગ્ય ભાવ પ્રદર્શિત કરી શકે. આ પણ એક ભારી મ્હોટી ભૂલ છે. દરરોજના જીવન પ્રસંગમાં મન અનેક વસ્તુઓ પરના રાગથી અનેક રીતે બંધાય છે, એ વાત આવા લોકો ભૂલી જાય છે. તેઓ મ્હોટાં આત્મભોગ કે ત્યાગ કરવાને પ્રવૃત્ત થઇશું, એમ વિચારે છે. ન્હાની ન્હાની બાબતો, તે બાબતો નિર્માલ્ય હોવાના સબબથી, હેમનું લક્ષ ખેંચી શકતી નથી અને જે મ્હોટા પ્રસંગની રાહ જોતા તેઓ બેસે છે તે મ્હોટો પ્રસંગ તો કદી આવતો પણ નથી; અને ન્હાના ન્હાના પ્રસંગોમાં વૈરાગ્ય ભાવ ખીલવવાના જે હેમને પ્રસંગ મળતા હેનો લાભ પણ તેઓ લેઇ શકતા નથી. આમ બન્ને લાભ તેઓથી દૂર રહે છે.

દરેક ક્ષણે અને દરેક **પ્રસંગમાં** ઇચ્છાઓનો રોધ કરવાથી આપણામાં વસ્તુઓ પ્રતિ ઉદાસીન ભાવ પ્રકટ થાય છે; અને જ્યારે વૈરાગ્યનો મ્હોટો પ્રસંગ આવે છે ત્યારે કાંઇ પણ અડચણ વિના સ્વાભાવિક રીતે તે પ્રસંગને વાસ્તે આપણે લાયક બનીએ છીએ. યોગની ઇચ્છા રાખનારાઓ ! તમે **દરેક પળે** અને **દરેક પ્રસંગમાં** આ પ્રમાણે ઇચ્છાઓનો રોધ કરવાનો અભ્યાસ પાડો: એટલે જરૂર તમને વિજય મળશે. આવો દિનપ્રતિદિન અને દરેક પ્રસંગે સ્થાયી અને નિરંતર અભ્યાસ પાડવો એ કામમાં ખંત અને ધૈર્ય જોઇએ છે. તેથીજ ઘણાએક ખંત અને ધૈર્ય વિનાના મનુષ્યો કંટાળીને યોગ માર્ગ છોડી દે છે.

આ સ્થળે એક અગત્યની **ચેતવણી** આપવાની જરૂર છે. આવો વૈરાગ્ય પેદા કરવાને એક સહેલો અને અદ્ભુત માર્ગ છે. એ

એકાગ્રતા એજ ધ્યાન છે. લાંબા વખત સુધી ધ્યાન આપવું તેજ એકાગ્રતા છે. ત્હમે જે કાર્ય કરતા હો ત્હેના ઉપર ત્હમે ધ્યાન આપો; એટલે જરૂર ત્હમારૂં મન એકાગ્ર થશે. ત્હમે પા કલાક કે અર્ધો કલાક મનને વશ રાખવા બેસો અને આખા દિવસમાં ૨૩॥ કલાક મનમાં અનેક પ્રકારના તરંગો–વિચારોના પ્રવાહને આવવા દો; અને પછી મનને વશ કરવા માગો તો તે કામ કદાપિ થઈ શકે નહિ. આવી રીતે પદ્ધતિ સમજ્યા સિવાય પ્રયત્ન કરો અને પછી ન ફાવો તો ત્હેમાં આશ્ચર્ય શું? સવારમાં જે કામ ત્હમે કર્યું તે કામને આખા દિવસમાં ત્હમે પાયમાલ કરો છો. આખા દિવસ સુધી ભીંત ચણી ચણીને પછી સાંજે એક ઘડીમાં તે તોડી પાડવા જેવું આ ત્હમારૂં કામ છે. જો ત્હમારે 'યોગી' થવું હોય, જો ત્હમે 'યોગ' ના ખરા અભ્યાસી હો, તો દરેક પળે ત્હમારે ત્હમારા મનને એકાગ્ર બનાવવું જોઈએ. ત્હમારા આખા દિવસના જીવનવ્યવહારમાં (દરરોજના દરેક કાર્યમાં) પ્રત્યેક કલાકે આ ચિત્તને એકાગ્ર કરવાનો અભ્યાસ પાડવો જોઈએ. હજી ઘણા કલાકો સુધી ત્હમારા મનને રેઢું આમ તેમ આડાઅવળા–આલતૂફાલતૂ વિચારોમાં રમતા રહો છો. અને પછી 'મન એકાગ્ર થતું નથી' એમ બૂમો પાડો છો. જો આવી રીતે પ્રયત્ન કરીને ત્હમે હાર્યા તો તેમાં આશ્ચર્ય જેવું શું છે! દરરોજ ત્હમે જે જે કામ કરતા હો તે દરેક ઉપર ધ્યાન આપો. આ કામ ઘણું જ મુશ્કેલ નથી, પણ આરંભમાં ત્હમે ત્હમારે આખા દિવસના કંઈક સમય કામોમાંથી અમુક એક કામને ખૂબ પાકું અને તે કામને અનુક્રમે ધ્યાન એકાગ્ર ચિત્તથી કરવા માટે.

ત્હમારા રોજિંદા કામમાંથી ત્હમારા મનને જરા પણ ભમવા દેવા નહિ. ખરી વાત એ છે કે, ત્હમારે જે કામ કરવાનાં હોય છે, તેમાંની

પોતાની મેળે તે ગુંથવાનું કામ કરે છે અને તે બીજી વસ્તુ ઉપર પણ. એવી વખતે ચિત્ત ચોંટાડી શકે છે. જેવી રીતે આ સ્ત્રીઓ પોતાની આંગળીઓને કેળવે છે, તેવીજ રીતે ત્હમે ત્હમારા મનને કેળવી શકો.

આ રીતે (એક તરફ) અંતરાત્મા પરમાત્માનું ધ્યાન ધરી શકે, (અર્થાત) પરમાત્મા ઉપર સ્થિર રહી શકે અને (બીજી તરફ) ત્હમારી ઇન્દ્રિયો અને શરીર સ્વયમેવ પોતાનાં કાર્ય કરી શકે. આ બધા યોગના વ્યવહાર (practical) પાઠો છે.

આવી રીતે દિનપ્રતિદિન દરેક ન્હાના કે મ્હોટા કામમાં મનને એકાગ્ર બનાવતાં શિખેલો મનુષ્ય ધ્યાન કરવાને લાયક બને છે. આ ધ્યાન દરેકને વાસ્તે એક સરખું હોઈ શકે નહિ. જો કે ધ્યાનનો મુખ્ય હેતુ મનને સ્થિર કરવાનો હોયછે, તો પણ જૂદા જૂદા મનુષ્યોના **સ્વભાવ** પ્રમાણે ત્હેની રીતમાં ભેદની જરૂર પડે છે. ધારો કે ત્હમે બુદ્ધિવાળા છો, ત્હમને તર્ક કરતાં અને અનુમાનો બાંધતાં સારી રીતે આવડે છે; દલીલો અને વિચારોની સંકલનાપૂર્વક અનુમાન બાંધવા—એ વિષયમાં ત્હમને વિશેષ આનંદ લાગે છે. આ ત્હમારૂં બુદ્ધિવિષયક ચિત્ત નિરર્થક ન સમજતા. ત્હેનો પણ આ ધ્યાનને સારૂ ઉપયોગ કરી શકાય. કદાપિ એમ ન ધારતા કે ત્હમે અમુક એક પ્રયત્નથી જ ત્હમારા અત્યાર સુધી ભટકતા મનને શાંત કે સ્થિર બનાવી શકશો. **વિચાર-શ્રેણીની સંકલનાના પગલે પગલે ચાલ્યા જાઓ.** એક વાળ જેટલા પણ તે સંકલનામાંથી ખસતા નહિ. બીજી વિચારશ્રેણીઓમાં ત્હમારા મનને ભટકવા દેતા નહિ. એકજ વિચારશ્રેણીને દઢતાથી વળગ્યા રહો. એટલે જરૂર ત્હમારૂં મન સ્થિર થતું જશે. ત્હમારી

યતાં ખિલે છે, અને પછી શાંત બને છે. આ રીતે કલ્પના શક્તિનું મદદથી પણ મન વશ થઇ શકે છે. આ ભક્તિનું પાત્ર કોણ હોય શકે ? તે પ્રશ્નનો જવાબ સહુ પોતપોતાના ધર્મ પ્રમાણે આપશે.

જો ત્હમે હિંદુ હો તો ત્હમે ઘણું કરીને શ્રી કૃષ્ણને ત્હમારા ઇષ્ટદેવ તરીકે સ્વીકારશો. કૃષ્ણને કુરૂક્ષેત્રની રણભૂમિ ઉપર કલ્પો. બન્ને બાજુએ લડવાને તૈયાર થયેલાં સૈન્યોને કલ્પો. અર્જુનને રથ આગળ નિરાશ થયેલો અને દુઃખી દેખાતો કલ્પો. તે પછી તે રથના સારથિ તરીકે બેઠેલા અર્જુનના સખા તથા ગુરૂ શ્રી કૃષ્ણને કર્મયોગ સમજાવતા કલ્પો. આ ચિત્રના 'નાયક' ઉપર ત્હમારૂં ચિત્ત સ્થિર કરીને ત્હમારા હૃદયમાંથી ભક્તિનો પ્રવાહ ત્હમારા સઘળા મનોબળથી વ્હેવા દો. ત્હેના ઉપર ચિત્ત સ્થિર કરીને થોડીવાર શાન્ત બેસી રહો અને શું પરિણામ આવે છે ત્હેની રાહ જુઓ.

અગર; જો ત્હમે જૈન હો તો ત્હમે ઘણું કરીને શ્રી મહાવીરને ત્હમારા ઇષ્ટદેવ તરીકે સ્વીકારશો. ચારે બાજુએ જૂદાં જૂદાં વૃક્ષોથી છવાયલું એક નિર્જન જંગલ ધારો. તે જંગલમાં એક વૃક્ષ નીચે આવેલા બિલમાંથી અર્ધો બ્હાર નીકળેલો એક સર્પ ધારો. તે સર્પની દૃષ્ટિમાંથી વિષની જ્વાળા બ્હાર નીકળતી કલ્પો. ત્હેના સન્મુખ મહાન યોગી શ્રી વીર પ્રભુને સ્થિર ઉભેલા કલ્પો. તે સર્પને શ્રી મહાવીરને ડસતો અને શ્રી મહાવીરના પગના અંગુઠામાંથી દૂધની ધારા વહેવરાવતો કલ્પો. તે વખતે શ્રી મહાવીરના નયનોમાંથી દયાનાં અશ્રુ નીકળતાં કલ્પો અને શ્રી મહાવીરને તે નાગને બોધ આપતા કલ્પો. આ સ્થિતિમાં શ્રીમહાવીરને કલ્પીને ત્હેમના ભણી ત્હમારા હૃદયમાંથી ભ-

ક્તિનો પ્રસાદ પૂર્ણ તેમાંથી વહેવાદો અને તે સ્થિતિમાં ત્હમારા મનને કેટલીકવાર સ્થિર રહેવાદો.

આવા આવા અનેક પ્રશ્નો કે પ્રતિરૂપને ત્હમે માનતા હો તેના સંબંધમાં ત્હમે કરી શકો અને ત્હમારી કલ્પના શક્તિ વડે ત્હમારા મનને સ્થિર–એકાગ્ર બનાવી શકો.

આવા ધ્યાનને સંસ્કૃત ભાષામાં આલંબન અથવા આલંબન સહિત ધ્યાન કહે છે. 'નાયક' ની માનસિક મૂર્તિ અથવા વિચાર શ્રેણીનો એક કોઈ અંકોડો તે આલંબન છે. આ પ્રમાણે મનને ધીમે ધીમે વશ કરવાથી ત્હમે ત્હમારા ભટકતા મનને સ્થિર બનાવી શકો, અને આખરે ત્હમે તે મુખ્ય ' નાયક ' અથવા મુખ્ય વિચાર ઉપર મનને સ્થિર ટકાવી શકો છો, હવે તે પણ જવાદો પણ તે પ્રસંગે પણ ત્હમારા મનને સાવધ રાખો મન ઉપરનો ત્હમારો કાબુ ખોવા નહિ આ વખત બહુ અગત્યનો છે. ત્હમે નિરાધાર સ્થિતિમાં આવી પડ્યા હો એમ ત્હમને લાગશે, પણ જરાપણ ગભરાના નહિ. થોડીજ વારમાં-થોડીજ પળમાં એક મોટો ફેરફાર થયેલો ત્હમને લાગશે. તે ફેરફાર નહિ ભૂલાય તેવો થશે. તે શાન્તિમાં શુભનાદ ત્હમે સાંભળશો. તે શાન્તિમાં ત્હમે દિવ્ય આકૃતિ નિહાળશો તે શુન્ય આકાશમાં ઝળહળતો સૂર્ય ઉગતો ત્હમને દેખાશે અને તે સૂર્યના પ્રકાશમાં ત્હમારૂં તે સૂર્ય સાથેનું ઐક્ય ત્હમારા અનુભવવામાં આવશે; અને તેજ વખતે ત્હમે (જીંદગીમાં પહેલવહેલું જ) જોઈ શકશો કે, ચક્ષુ ઇન્દ્રિયથી શુન્ય જણાતું જગત્ આત્મચક્ષુને ભરેલું લાગે છે, અને કર્ણ ઇન્દ્રિયથી શાંત જણાતા જગતમાં દિવ્ય ગાન આત્મા સાંભળી શકે છે. જ્યારે આવો અનુભવ થાય ત્યારે તે મનુષ્ય 'યોગ' માર્ગનું

મૂળ જે પરમાત્મદર્શન છે તે મેળવવાની તૈયારીમાં છે એમ સમજવું. તે પછી શું કરવું તે આ લેખકની શક્તિ બ્હાર હોવાથી લેખક તે લખવાનું માથે લેતો નથી પણ આ યોગ માર્ગને લગતા બીજા કેટલાએક અગત્યના મુદ્દા ચર્ચવા તરફ પોતાનું ચિત્ત દોરે છે.

મંત્રનો પ્રભાવ.

યોગનું કામ ઘણું દુષ્કર છે; માટે તે દુષ્કર કાર્યને સુગમ બનાવવાને જે જે યોગ્ય ઉપાયો આપણા હાથમાં આવે તે સ્વીકારવાને ચૂકવું નહિ.

યોગ માર્ગનો પ્રારંભ કરનાર વાચકનું લક્ષ એક અગત્યની બાબત ઉપર ખેંચવાની જરૂર છે.

તમારાં શરીરો નિરંતર અસ્થિર લાગે છે. તમારાં શરીરોમાં થતી ધ્રુજારીઓથી તમારા ચૈતન્યમાં દરેક પળે ફેરફારો થયા કરે છે. ચૈતન્યની શાન્તિ અર્થે શરીરને સ્થિર કરવાને વાસ્તે આ ધ્રુજારીઓ અટકાવવાનો શું કોઇ પણ માર્ગ છે? એક માર્ગ તો મંત્રનો ઉચ્ચાર કરવાનો છે. ધ્રુજારીઓ અટકાવવા માટે, મંત્ર એ માત્ર યાંત્રિક (mechanical) માર્ગ છે. ઇચ્છાશક્તિ અથવા કલ્પના શક્તિના બળથી પણ ધ્રુજારીઓ અટકી શકે, પણ તમે તે બળ તો બીજાં કામો માટે સાચવી રાખો છો અને આ કામ માટે યાંત્રિક માર્ગ વાપરો છો.

મંત્ર એ ચોક્કસ રીતે યોજેલા શબ્દોના અક્ષરોની હાર છે. તે અક્ષરોનું વારંવાર ઉચ્ચારણ કરવાથી શરીર ઉપર [illegible] ધ્રુજારીઓની અસર થાય છે [illegible] મંત્રનું

યોગ માર્ગનાં વિઘ્નો (અંતરાયો.)

યોગ માર્ગનો જે અધિકારી હોય તેનામાં ક્યા ગુણો તથા કેવી યોગ્યતા હોવી જોઇએ તેનો આપણે વિચાર કરીએ તે પહેલાં તે માર્ગમાં ક્યાં વિઘ્નો આવે છે તે વિચારીએ. જો કે આ બાબતનો સંપૂર્ણ વિચાર આ ટુંક લેખમાં થઇ શકે નહિ, તોપણ મહર્ષિ પતંજલિએ જણાવેલાં મુખ્ય વિઘ્નોનું (ટુંક વ્યાખ્યાન સાથે) વર્ણન કરવાનું તો બની શકશે.

(૧) પ્રથમ વિઘ્ન, રોગ છે. જેને [illegible] રોગ હોય તો યોગ માર્ગે આવી શકે નહિ; કારણ કે યોગમાં **સારી તંદુરસ્તીની** જરૂર પડે છે. કેમકે શરૂઆતમાં શરીર ઉપર ભારે બોજો પડે છે અને જો શરીર બરાબર મજબૂત ન હોય તો તે બોજા નીચે ચગદાઇ જવાનો વખત છે.

(૨) મનનું આળસ, અમારા વિચારમાં અમારે [illegible] અને [illegible] જોઇએ.

(૩) [illegible]

(૪) [illegible]

(૫) [illegible]

રસાયન કે ખગોળ વિદ્યા જેવી સામાન્ય વિદ્યાઓમાં પણ કુશળતા મેળવવાને સામાન્ય કરતાં વિશેષ ગુણોની જરૂર પડે છે, તો પછી સર્વ વિદ્યાઓની વિદ્યા—સર્વ કળાઓની કળા—એવી જે યોગ વિદ્યા ત્હેમાં ખાસ ગુણો અને લાયકાતની માગણી થાય એમાં અસ્વાભાવિક શું છે ! એક માણસ ત્હમને પૂછે કે " શું હું મ્હોટો ગણિતશાસ્ત્રી થઈ શકીશ ! " તો ત્હમે ત્હેને એવો જવાબ આપશો કે " જો ત્હમારે નામાંકિત ગણિતશાસ્ત્રી થવું હોય તો ત્હમારામાં ગણિતશાસ્ત્ર વાસ્તેનો ખાસ શોખ અને તે શીખવાને યોગ્ય ગુણો હોવા જોઈએ. જો તે ન હોય તો આ ભવમાં તો ત્હમે મ્હોટા ગણિતશાસ્ત્રી થઇ શકો નહિ " પણ આનો અર્થ એમ નથી કે તે માણસ ગણિત શિખીજ ન શકે. મ્હોટા ગણિતશાસ્ત્રી થવાને તો કેટલીક શક્તિઓ અને ગુણો સાથે ત્હમારે જન્મ લેવો જોઈએ અને આવી શક્તિઓ તથા ગુણો સાથે જન્મ લેવો એનો અર્થ એ જ કે ત્હમે પૂર્વભવોમાં ત્હેનો અભ્યાસ કર્યો છે અને આ ભવમાં તેવી શક્તિઓ સાથે ત્હમે જન્મ લીધેલો છે. આ બાબત યોગને પણ લાગુ પડે છે દરેક મનુષ્ય ધીરજથી 'યોગ' તો જરૂર શિખી શકે. પણ જીંદગીઓ સુધી જ્યારે ત્હમે અભ્યાસ કર્યો હોય ત્યારે આ ભવમાં ત્હમે મ્હોટા 'યોગી' થઇ શકો. જો ત્હમે ભૂતકાળમાં યોગ માર્ગનો અભ્યાસ કર્યો હોય તો આ ભવમાં ત્હેને લાયક જોઈતા ગુણો સાથે જ ત્હમે જન્મ્યા હોય. યોગમાં દરેક અભ્યાસીને વાસ્તે ત્હમારે ત્રણ ગુણોની જરૂર છે તે ત્રણ ગુણો **મજબૂત રૂચિ** (Strong desire), **દૃઢ મનોબળ** અને **તીક્ષ્ણ બુદ્ધિ** (Keen intelligence) છે. ત્હમારામાં મજબૂત રૂચિ જોઈએ બીજી વસ્તુઓ સાથે બાંધનારી જે ઇચ્છાઓ તેમને તોડવાને આ બાબતની મજબૂત ઇચ્છા અવશ્ય

વાપરીશ અને મ્હારા હાથ
છે કે " હું કસરત કરાશ, મગજનો વાપરીશ અને મ્હારા હાથ
મજબૂત બનાવીશ." આ બાબત ઇચ્છાશક્તિને પણ લાગુ પડે છે. ત્હેને
આરામાં ઇચ્છાશક્તિ નિર્બળ હોય તો અભ્યાસ પાડી ત્હમે ત્હેને
મજબુત બનાવી શકો. આ બાબત એક દાખલો લઇએ. ત્હમે સવાર
માં વ્હેલા ઉઠવાનો સમય નક્કી કરો છો; પણ જ્યહારે ઉઠવાનો વખત
થાય છે ત્હારે ત્હમે ઉઠી શકતા નથી. ત્હમે પા કલાક વ્હેલા ઉઠો કે
મોડા ઉઠો તે કાંઈ અગત્યનો સવાલ નથી, પણ એકવાર ઉઠવાનો
વખત નક્કી કર્યો પછી તેજ પ્રમાણે ઉઠવાનો પ્રયત્ન કરવો જોઇએ.
શરીરની ઇચ્છા ન હોય તે છતાં પોતાના નિશ્ચયને વળગી તે પ્રમાણે
ચાલવાથી ઇચ્છાશક્તિ વધે છે. અને જ્યહાંસુધી ઇચ્છાશક્તિ મજબૂત
ન થાય ત્હાં સુધી યોગમાર્ગમાં વિશેષ આગળ વધી શકાય નહિ.
અથવા તો નિશ્ચય કરો કે " દરરોજ સવારમાં હું અમુક કામ કરીશ".
અને તે પ્રમાણે કરો. જેની ઇચ્છાશક્તિ નિર્બળ હોય ત્હેને વાસ્તે
એકી વખતે એક બાબત ચાલશે. અમુક વખતે અમુક કામ કરવાનો
નિશ્ચય કરો, એટલે પછી ત્હમે ત્હમારૂં વચન ભાગતાં શરમાશો. જ્યહારે
ત્હમે એક દિવસ ત્હમારા નિયમ પ્રમાણે વર્તી શકો ત્હારે એક અઠવાડીયા
સુધી તે પ્રમાણે વર્તવાનો નિયમ લ્યો. પછી એક પખવાડીયા કે એક
માસ સુધી તે નિયમ લ્યો. આ કામમાં ફતેહ પામો તે પછી ત્હેના
કરતાં અઘરૂં કામ કરવાનું માથે લો. આ પ્રમાણે શરીર અને મનની
ઇચ્છા વિરૂદ્ધ કેટલાંક કામો કરવાથી ત્હમારી ઇચ્છાશક્તિ ધીમે ધીમે
વધતી જશે; આ રીતે ત્હમારૂં અંતર્બળ પણ વૃદ્ધિ પામશે.

ત્રીજો ગુણ વિશાળ અને તીક્ષ્ણ બુદ્ધિ છે. ત્હમારે વશ કર
લાયક મન જ ન હોય તો પછી ત્હેને વશ કરવાની વાત જ કય

બનાવી શકો. તમારે જેવું માનસિક શરીર જોઈતું હોય તેવું કલ્પો; અને કલ્પના શક્તિ વડે તમે તેવું બનાવી શકશો. જ્યારે ચિતારો કોઈ ચિત્ર કરવા તૈયાર થાય છે ત્યારે પ્રથમ તો તે ચિત્રની કલ્પના કરે છે. તેમ તમે પણ કોઈ પણ વસ્તુની દૃઢ કલ્પના કરો. જો તમારામાં માનસિક છબી કરવાની શક્તિ હોય તો કોઈ વસ્તુની માનસિક છબી કલ્પો. જો તમારામાં તે શક્તિ ન હોય તો તે મેળવવાને પ્રયત્ન કરો. તે એક પ્રકારની હુન્નરને લગતી શક્તિ છે; પણ દરેક પુરૂષમાં થોડે ઘણે અંશે તે ખીલેલી હોય છે. તમે જે ચ્હેરો દરરોજ જુઓ છો ત્હેને તમે કેટલે અંશે તમારા મન આગળ કરી શકોછો તે તપાસો. આવી જાતની ટેવ પાડવાથી તમારી કલ્પનાશક્તિ મજબુત થતી જશે. અને તમારી મજબૂત કલ્પના શક્તિ એ એવું ઉત્તમ સાધન થશે કે જે તમને યોગ માર્ગમાં ઉપયોગી થશે.

આ કલ્પના શક્તિનો એક બીજો પણ ઉત્તમ લાભ છે. જો તમે તમારા માનસિક શરીરમાં ઇષ્ટ ગુણોનો સદ્ભાવ અને અનિષ્ટ ગુણોનો અભાવ કલ્પો તો તમે તે ગુણો મેળવવામાં અને દુર્ગુણોનો ત્યાગ કરવામાં અર્ધે રસ્તે આવેલા છો, એમ માનજો.

તમને જગતમાં જે અકસ્માતો નડે છે, તે અકસ્માતોનું ઘણું ખરું બળ તો તમે તમારી કલ્પના શક્તિ અને વિચાર બળવડે દૂર કરી શકો. આ સ્થૂળ જીવન ઉપર તમને અકસ્માતો પડે ત્હાં સુધી શા સારૂ તમે નિરાધાર રીતે તે અકસ્માતોની રાહ જોઈ બેસી રહો છો ! જો આવી અકસ્માતોનો તમે અગાઉથી વિચાર કરો અને તે અકસ્માતો વચ્ચે તમને પોતાને પૂર્ણ રીતે કાર્ય કરતા કલ્પો તો જ્યારે તે અકસ્માત આવી પડે ત્હારે તે અકસ્માતનું ઘણુંખરૂં બળ તો નાશ

પાણી ગયું હશે અને તે વખતે તમને ત્હેના જેટલું દુઃખ લાગશે નહિ. જીંદગીમાં એવા દુઃખજનક પ્રસંગો દરેકને આવતા હશે. જો તમારી કલ્પના શક્તિનો સદુપયોગ કરો તો તમારી અડચણો અને દોષોમાંથી અડધાં આપોઆપ દૂર થઇ જશે. જ્યારે આ રીતે તમારૂં માનસિક શરીર શુદ્ધ બને, ત્યારે તમારા સૂક્ષ્મ શરીરને શુદ્ધ બનાવવાનો પ્રયત્ન આરંભો. સારી ઇચ્છાઓથી તે શરીર શુદ્ધ થાય છે. માટે શુભ ભાવનાઓ-ઇચ્છાઓ કરો; એટલે સૂક્ષ્મ શરીરમાં ખરાબ ઇચ્છાઓને બદલે સારી ઇચ્છાઓની ઇન્દ્રિયો-ચક્રો જાગૃત થશે. સઘળી **ઉન્નતિનું રહસ્ય ઉચ્ચમાં ઉચ્ચ ઇચ્છાઓ અને વિચારો કરવામાં રહેલું** છે. દોષો, ભૂલો કે ખામીઓ ઉપર લાંબો વખત સુધી વિચાર કરવાને બદલે પૂર્ણતા ઉપર સદા વિચાર કરો; એટલે ધીમે ધીમે તમારામાં પૂર્ણતા આવતી જશે. માટે તમારા માનસિક અને સૂક્ષ્મ શરીરને શુદ્ધ બનાવવાને સારા વિચારો કરો અને શુભ ઇચ્છાઓ રાખો.

હવે સ્થૂળ શરીર શી રીતે શુદ્ધ થઇ શકે ?

સ્થૂળ શરીરને શુદ્ધ બનાવવા માટે તમારે ખાવામાં, પીવામાં, ઉંઘવામાં, વિહારમાં, કસરતમાં વગેરે દરેક કામમાં સંયમસર થવું જોઇએ. જ્યાં સુધી તમારા વિચાર અને ઇચ્છાઓ અપવિત્ર હોય ત્યાં સુધી તમારૂં **સ્થૂળ શરીર કદાપિ શુદ્ધ થઇ શકે નહિ.** ખોરાકની બાબતમાં પણ, 'યોગી' થવા ઇચ્છનારે રાજસિક કે તામસિક ખોરાકનો ત્યાગ કરી સાત્વિક ખોરાક ગ્રહણ કરવો જોઇએ. મદિરાનો તથા માંસનો સર્વથા નિષેધ 'યોગી' ને હોવો જોઇએ. જે અનાજમાં ફરીથી ઉગવાનો સ્વભાવ છે તેવી જાતનાં અનાજો તથા સઘળી જાતનાં

લીલાં ફળો તથા દુધ વગેરેનો, સાત્વિક ખોરાકમાં સમાવેશ કરી શકાય. આ સ્થૂળ શરીરને ગમે તેવું શુદ્ધ બનાવવામાં આવે છતાં એકલી સ્થૂળ શરીરની શુદ્ધતાથી યોગમાર્ગમાં મનુષ્ય કદાપિ આગળ વધે નહિ. છતાં જો આ સ્થૂળ શરીર શુદ્ધ ન હોય તો યોગીને હેના માર્ગમાં અંતરાયભૂત થાય છે. શિર ઉપર ભાર લેઇને પણ મનુષ્ય પર્વત ઉપર ચ્હડી શકે, પણ તે ભારવાળાને પડવાનો સંભવ વધારે રહે છે. જો ભાર ન હોય તો મનુષ્ય વધારે સહેલાઇથી ચ્હડી શકે છે. આ કારણો લક્ષમાં લેઇ યોગમાર્ગના અભ્યાસકોએ પોતાનાં શરિરને પણ શુદ્ધ રાખવાં જોઇએ.

આ પ્રમાણે જેણે પોતાનાં શરિરને શુદ્ધ બનાવ્યાં છે, જે સદાચારી છે, તે મનુષ્ય યોગને વાસ્તે લાયક અધિકારી થાય છે. યોગનાં આઠ અંગ મહર્ષિ પતંજલિએ કહેલાં છે, હેમાં **યમ** અને **નિયમને** પ્રથમ મૂકવામાં આવેલાં છે. યમની અંદર અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહરૂપ **જૈનોનાં પાંચવ્રતો** વર્ણવેલાં છે. અને નિયમમાં શૌચ, સંતોષ, સ્વાધ્યાય, તપ અને પ્રભુભક્તિરૂપી ગુણો કહેલા છે. આ આઠ ગુણોવાળો પુરૂષ પોતાના સાંકડા અને તરવારની ધારપર ચાલવા જેવા વિષમ માર્ગ ઉપર નિર્ભયતાથી પસાર થાય છે; કારણ કે હેના સદ્ગુણો હેના માર્ગમાં રક્ષણકર્તા નીવડે છે પણ જે સદ્ગુણવિના યોગના માર્ગે ચાલવા તૈયાર થાય છે, તે દુર્ગુણોથી ખરડાયેલા પગથી યોગની નીસરણીના પગથિયાંપર પગ મૂકે છે. તે ક્યારે લપસી પડશે, તે કોણ કહી શકે? અસદાચારીના હાથમાં યોગની શક્તિઓ આપવી હેના કરતાં એક બાળકના હાથમાં તરવાર સોંપવી એ વધારે સહીસલામત ગણી શકાય; માટે સાર એ જ કે **યોગના અભ્યાસકોએ સદાચારનો પ્રથમ આશ્રય લેવો.**

આવા ગુણોથી અધિકારી બનેલો પુરુષ અભ્યાસ અને વૈરાગ્યરૂપ સાધનોવડે પ્રથમ મનને એકાગ્ર કરી, પછી ધ્યાન માર્ગમાં જોડી શાન્ત અને સ્થિર બનાવે છે. જ્યારે મન શાન્ત થાય છે ત્યારે આત્મજ્યોતિ તેનાપર પ્રકાશ રેડે છે. અંતરમાં આત્મતત્ત્વ પ્રતિબિમ્બિત થાય છે. ત્યાંરે સઘળી શોધનો અંત આવે છે. કારણકે આત્મદર્શન થયા પછી આ જગતમાં કાંઇ જાણવા યોગ્ય રહેતું નથી.

અનુભવ કરવા લાયક ચમત્કાર

એક માણસ કલકત્તે રહેતો હોય ત્હેની સાથે તાર ટપાલ કે એવાંજ કોઇપણ બહારના સાધન વિના મુંબાઇ રહેનાર ત્હેના સગાને વાત કરવી હોય તો તે કેવી રીતે કરી શકે તે બાબતનો આર્ય શાસ્ત્રકારોનો ઉપયોગી અખતરો સાબીત કરી આપવાને આ લેખ લખવામાં આવ્યો છે તે પ્રત્યે દરેક વાંચનારને ધીરજથી શાંત ચિત્ત લક્ષ રાખી વાંચવાને ભલામણ કરીએ છીએ.

જેમ તારનો સંદેશો એક સ્થળેથી બીજે સ્થળે લેઇ જવા માટે માર્ગમાં તારના દોરડા નાખ્યા હોય છે, તેમ એક માણસનો માનસિક સંદેશો બીજા માણસને પહોંચાડવા માટે માર્ગમાં આકાશ નામનું તત્વ જેને હાલનું સાયન્સ ઇથર કહે છે, તે તારના દોરડારૂપ છે. તાર આપવા તથા સંદેશો મુકવા તથા લેવા માટે જેમ એક સોય જેવું યંત્ર છે, અને ત્હેને દબાવવાથી સંદેશો મુકાય છે કે જવાબ મેળવાય છે, તેમ મનુષ્યના માથામાં પિનીયલ ગ્લેન્ડ જેને યોગ્ય શાસ્ત્ર બ્રહ્મરંધ્ર કહે છે તે એક માંસગ્રંથિ છે, ત્હેની સાથે સ્વરનાં માર્ગ અથડાવાથી તે સક્રિયાન થાય છે, અને તેથી મનુષ્યને જે સંદેશો આવ્યો હોય છે, ત્હેનું ભાન થાય છે

એક મનુષ્ય બીજા મનુષ્ય સાથે વાત કરે છે, ત્યારે તેના મોઢાના શબ્દો તેને સાંભળવાનું કારણ એ છે કે બોલનારથી નીકળી, જેમ પાણીમાં કાંકરો નાંખવાથી પાણીમાં મોજાં થાય છે, તેમ હવામાં વાયુનાં મોજાં થાય છે, અને તે મોજાં કાનને અથડાવાથી આપણને શબ્દ સાંભળવામાં આવે છે. આ વાયુ જેમ બધે પ્રસરી રહેલો છે તેમ આકાશ નામનું એક સૂક્ષ્મ તત્વ પણ બધે વ્યાપી રહ્યું છે. આપણા શરીરમાં પણ તે વ્યાપી રહ્યું છે. એ તત્વમાં જ્યારે આપણે કોઈ માનસિક વિચાર કરીએ છીએ ત્યારે મોજાં થાય છે, અને તે ચારે બાજુએ ફેલાય છે. એકદમ ઘણું જ્યારે કોઈ માણસ કાંઈ વિચાર કરે છે ત્યારે તે વિચારનું મોજું પણ બળવાળું થાય છે, અને પછી તેને જે દિશામાં મોકલી છે ત્યાં બહુજ વેગથી જાય છે. આ પ્રમાણે વિચારના એકાગ્રતા પૂર્વક વેગથી મોકલેલા મોજાં સામા માણસના અંતઃકરણમાં આવીને અથડાય છે, અને તેથી સામા માણસને તેનું જ્ઞાન હોય તો આપણે માણસ શું કહે છે તે સ્પષ્ટ સમજાય છે. તે જ્ઞાન ન હોય તો એવો [illegible] જે [illegible] આપણો [illegible] તેના વિચારો ફેલાય છે

આ જમાનામાં [illegible]

મડદાની કાળી બાજુ તે તમે બીલકુલ દેખશો નહિ પણ તે માણસ તમામ ચળકતાં કીરણોથી વીંટળાઈ ગયેલો હશે. આ તે સુક્ષ્મ તત્વ છે કે જેને એનિમલ મેગ્નેટીઝમ કહે છે એજ હેનું જીવનતત્વ છે અને માણસ જ્યારે કોઈપણ પ્રકારના કામમાં મચ્યો રહે છે ત્યારે હેની મેહેનતના પ્રમાણમાં આ દ્રવ્ય વહેતુંજ રહે છે પરંતુ સમાધિ, નિંદ્રા કે ધ્યાનમાં તે બહાર વહી જતું નથી પણ બહાર નીકળી પાછું અંદરજ સમાઈ જાય છે અને તેથી આપણે એવી અવસ્થાઓમાંથી જ્યારે ઉઠીએ છીએ ત્યારે શરીર નવા બળવાળું લાગે છે.

વૈરાટ સ્વરૂપ.

દરેક માસની શુદ ૧૨ થી માંડીને વદી ૬ સુધીમાં જ્યારે ચંદ્ર સ્વચ્છ પ્રકાશતો હોય અને આકાશ વાદળાં રહિત હોય ત્યારે વૈરાટ સ્વરૂપનો ચમત્કાર જોવાની ઈચ્છા રાખનારે ઝાડી અને ટેકરા વગરના મેદાનમાં જવું. ત્યાં ઉભા રહી પોતાના પડછાયાના શિરોબિંદુ ઉપર ચંચળ વૃતિનો ત્યાગ કરીને એકાગ્ર ચિત્તથી આસપાસની દિશાઓમાં ન જોતાં આંખોની મીંટ માર્યા વગર સ્થિર દ્રષ્ટિથી જોયા કરવું. આવી રીતે કેટલીક વેળા સુધી જોઈ રહેતાં જ્યારે તમને આસપાસ પ્રકાશનાં કુંડાળાં જણાય, ત્યારે તમારે પોતાના પડછાયાને આંખની મીંટ માર્યા વગર એકદમ લંબાણી આકાશ સામું જોવું. આહા ! કેવો વિલક્ષણ ચમત્કાર ! ! જોનાર આ વખત સ્વચ્છ આકાશમાં પોતાનો મ્હોટો ને ભયંકર શરીરના આકારનો પડછાયો જોશે અને તે પડછાયામાં ચળક ચળક થતા તારાઓના સમુહને જોઈ ખચીત તે સાનદાશ્ચર્ય પામ્યા વગર રહેશે નહીં.

હાથ ખાલીથી રૂપીઓ.

કોઈપણ જાતના ભરવા જેટલા માણસને ઊભા રાખે. પછી તેનાં હાથમાં પૈસાને રૂમાલના ઉપર, આપને આપી દીધા પછી બંને આંગળીઓની નજર બહારથી કાઢી લેવાને મીંચી નજરે પછી મીંચીને જોવાનું કહો એટલે તરત તેનું કોડું ખાલી જોવામાં આવશે અજાયબી લેવું જોઈને અકલ થશે કે આ તે કેવો ચમત્કાર!

સુતેલાને જગાડવો.

કોઈપણ સુતેલા આદમીને જો ઊંઘમાંથી જગાડવો હોય તો તેની પથારી આગળ બેસી આપણે તેને પીઠ મીંચીને તેની આંખનો ધ્યાન ચીરી નજરે જોતાં રહ્યું હોય તો થોડા માણસ તરત જાગી ઉઠશે, અને આપણા તરફ સાન કર્યાથી જોશે.

કાનમાં કૌતક.

બન્ને કાનમાં આંગળીઓ ઘાલી રાખી બહારના પવનને કાનમાં જતો અટકાવ્યા હોય તો નાના પ્રકારના નાદ—અવાજ સાંભળવામાં આવે છે અને તેથી સંપૂર્ણ ઉપજે છે

અજબ ગજબત.

બન્ને હાથની વચલી આંગળીઓ બન્ને કાનના પડદા ભરવા-ન દેતાં ધાલીને બન્ને હાથના અંગુઠા વડે આ બન્ને આંખો મીંચી તેના ઉપર દબાવ્યા હોય તો ચાંદના જેવો ગર્જના સાંભળવામાં આવશે. તેની સાથે ઘણો સુંદર પ્રકાશ પણ જોવામાં આવશે આ પ્રયોગ ઝાઝો વખત કરવો નહિ

ભયંકર અવાજ.

એકાંત જગ્યા કે જ્યાં સઘળું ચુપાચુપ છે, અને તેને લીધે

એટલી બધી શક્તિ રહેલી છે કે જો તે પ્રાપ્ત કરવાની અનુકૂળ સામગ્રી મળે, તો ઝીણા દરજ્જા પ્રમાણે સર્વ પ્રકારનું અનુપમ સુખ મેળવવા ભાગ્યશાળી થઈ શકે.

આગલા જમાનામાં વિદ્યાની પ્રબળતાથી, મહર્ષિઓ મોટા મોટા પુરુષાર્થ અને ઉત્તમ બુદ્ધિબળથી તથા વિદ્યાની વૃદ્ધિ કરી, પોતાને તેમજ પ્રજાવર્ગને સુખ આપી શકતા હતા. તેઓએ આ બાબત અનેક ગ્રંથો પણ લખેલા છે, જેમાં પોતાનો અનુભવ લખેલો છે, અને બીજાઓ શી રીતે તે શક્તિઓ મેળવી શકે, તે સાર [illegible] માર્ગ પણ બતાવવામાં આવ્યો છે. હાલ એવો સમય આવ્યો છે કે તે બધા ગ્રંથોને જોવાની ઇચ્છા પણ આપણામાં બાકી આવતી નથી. હાલમાં પશ્ચિમના દેશોમાં જે સાધનો જાણ [illegible] આ વિદ્યા ઉપર નવનવા શોધો પણ ચાલુ થયા હતા, જે હિન્દમાં [illegible], [illegible] માનવ પ્રત્યક્ષ અને [illegible] ઘણી રીતે [illegible] આવે છે.

યોગ મહિમા.

[illegible]

(૧) [illegible]

(૨) [illegible]

(૩) [illegible]

(૪) [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

ચુનીને આંપરેથી ઝાડવું, ભીંત પર રોપીને દેખાડીને આપુથી લીસોટા કરવા, વગેરે વગેરે ઘણી ખરી વાતો જણાય છે. પણ એ બાબતની એટલે સુધી દુરાવસ્થા છે કે, નથી તો એમ કરવા વાળાને એ વાતો પર વિશ્વાસ; કે નથી જેના પર એ પ્રયોગો કરવામાં આવે છે તેને એના પર શ્રદ્ધા. જ્યારે આવી દશા છે તો પછી હજી મગજાની તો વાતજ કયાં રહી! તો પણ અમે તમને એક એવું દૃષ્ટાંત આપીશું કે જે તમારે સ્વીકારવું જ પડશે. જ્યારે શ્રી સ્વામી શંકરાચાર્યને મંડન મિશ્રની સ્ત્રી સરસ્વતીની સાથે શાસ્ત્રાર્થ થયો હતો અને તેમાં શંકરસ્વામી હાર્યા હતા, ત્યારે તેમણે પોતાના યોગ બળથી એક રાજાના શબ—મુડદામાં પ્રવેશ કરીને કામ શાસ્ત્ર શિખીને ફરી પોતાના દેહમાં આવીને તે સ્ત્રીને હરાવી હતી. રાજપૂતાના અને ઓધરાની સ્ત્રીઓને નામે ઓળખાતી સ્ત્રીઓ આ વાતનું પ્રત્યક્ષ ઉદાહરણ જ છે, કે જે આંખ મળતાં જ માણસને વશ કરી લે છે, હવે અમે દેખાડીએ છીએ કે, મેસ્મેરિઝમ શું છે અને તેથી શા શા લાભ થાય છે, દરેક માણસના શરીરમાં ઈલેક્ટ્રીસિટી અથવા એક જાતની વિજળીક શક્તિ-દ્વારા દરેક મનુષ્ય પોતાના મનમાં સર્વ વિચારનો બીજાનામાં પ્રવેશ કરાવે છે, આ નિયમના સાધનને જ મેસ્મેરિઝમ કહે છે.

જ્યારે આ શક્તિ કેળવવામાં પૂરેપૂરો અભ્યાસ થઈ જાય છે ત્યારે બહારની વસ્તુઓમાંથી વિજળી ખેંચવાનું કે જે ઇચ્છાશક્તિ Will force મારફતે થાય છે. એ સહજમાં થવા માંડે છે. આ કાર્ય સાધવામાં ફક્ત મનને એકજ પદાર્થ પર દૃઢ કરવું પડે છે. એ વાતનાં ઉદાહરણો તો આપે પ્રેમિઓની કહાણીઓમાં પ્રત્યક્ષ દેખ્યાંજ અર્થાત્ હશે. એક સાચો પ્રેમી પોતાના ચિત્તની એકાગ્રતાથી એટલે

એકાદ મનોયોગને લીધે તેમાંથી પોતાનું મન પાછું વાળવાનું આત્મ-બળ [illegible] કરી શકે છે.

મેસ્મેરિઝમના ભેદ—આ વિદ્યાના બે ભેદ છે. એક ક્યોરેટિવ એટલે આરોગ્યકાર અને બીજો ફેનોમિનલ એટલે અલૌકિક કાર્ય થાય.

ક્યોરેટિવ મેસ્મેરિઝમના લાભ - (૧) આ કાર્યથી ઘણા પ્રકાર રોગ મટી શકે છે (૨) આ વિદ્યાથી [illegible] થવા વિના [illegible] નિદ્રામાં [illegible] (૩) [illegible] [illegible]

[illegible] અગત્યતા [illegible]

ઈચ્છા કરવી જોઈએ કે, પાત્રપર દુષ્ટઆત્માની કંઈ પીડા કે વેદના ન થાય. આ દશામાં પ્રયોક્તાનો પાત્ર પર એટલો બધો અધિકાર થઈ જાય છે કે પ્રયોક્તાની ઈચ્છા પ્રમાણેજ પાત્ર કરે છે.

નિદ્રા ભ્રમણાવસ્થાનાં લક્ષણ—આ અવસ્થામાં શરીરની ગરમી, લોહીનું ફરવું અને અંતર જ્ઞાન બરોબર હોય છે. પરંતુ પ્રત્યક્ષમાં પાત્ર સુતેલો જણાય છે. જો કે પાત્રની આંખો બંધ રહે છે, તોપણ તે દરેક વાત જોઈ તથા સાંભળી શકે છે, અને તેની શક્તિ એટલે સુધી પોહોંચી જાય છે કે તે ભીતરની વસ્તુઓને પણ બતાવી શકે છે; તે એટલે સુધી કે અત્યંત દુસાધ્ય કામોને પણ સાધી શકે છે.

પરોક્ષ દર્શિતનાં લક્ષણ—આ અવસ્થા સૌથી પહેલા નંબરની છે. આ અવસ્થા પ્રાપ્ત થતાંજ પાત્રને સંસાર હસ્તકમળવત એટલે હાથમાંના આંબળાની પેઠે દેખાય છે. અને ભૂત ભવિષ્ય તથા વર્તમાન ત્રણે કાળની વાતો બતાવી શકે છે. પરંતુ એ અવસ્થાપર ઘણુંજ થોડા યોગી મહાત્માઓ જ પોહોંચે છે.

પ્રયોક્તાનાં કર્તવ્ય કર્મ—પ્રયોક્તાએ નીચેના પાંચ નિયમોપર બરોબર નજર રાખવી (૧) પ્રયોક્તાનો સ્વભાવ સ્થિર, નિરૂ પરોપકારી, ધાર્મિક અને સત્ય બોલી હોવો જોઈએ (પ્રયોક્તા પોતાના કાર્યમાં એક બે વાર પ્રયોગ કરવાથી નિષ્ફળ થાય, તો ઘટે છે કે નિરાશ થઈને તે છોડી નહિ દેતાં તેમાં અભ્યાસ રહેવું (૩) કોઈ સ્વાર્થ સાધવા માટે આનો પ્રયોગ નહિ કરવો જોઈએ (૪) પાત્ર પણ એવો બનાવવો જોઈએ કે જે સ્વયં પ્રસ્તુત થઈ શકતો હોય. (૫) પ્રયોક્તાએ દરરોજ અલ્પ આહાર, સ્નાનાદિ કરવું જોઈએ.

(૬) પ્રથમ અને માદક વસ્તુઓનો સર્વથા ત્યાગ કરીને નિત્ય દિ[illegible] સે. (૭) પારકું માણસની [illegible] પ્રગટ કરીને નહિ, કારણ કે પ્રત્યેક [illegible]

સ્ત્રીઓ તથા લઘુવયનાં બાળક હોય.

પ્રયોગની પહેલી રીત—જે માણસના ઉપર પ્રયોગ કરવો હોય તેને દક્ષિણ બાજુ મોં કરીને બેસાડવો અને પ્રયોક્તા એનાથી કંઇક ઉંચે આસને તેની સન્મુખ બેસી જાય; અને પાત્રને દેહનું પોતાનું મન વશ કરી લેવાની પ્રેરણા કરે. એમ થયા પછી પ્રયોક્તાને ઉચિત છે કે પાત્રની તરફ નજર માંડીને જુએ અને પોતાના બને હાથની આંગળીઓ ફેલાવીને પાત્રને માથેથી ઉદર સુધી ઉતારે અને પાછો નીચે સુધી લેઇ જાય. પરંતુ પ્રયોક્તાના હાથથી પાત્રના દેહને સ્પર્શ થવા ન પામે, અને હાથ પણ દેહની પાસે ચોટેલા જેવો રહે, એ રીતે કંઇકવાર કરતા રહેવું.

પ્રયોગની બીજી રીત—મેસ્મેરિઝમના પ્રયોગનો બીજો વિધિ એ છે કે મુખ અને શિરને છોડીને પશ્ચાદ્ભાગની બાજુએ હાથને ઉતારે, પરંતુ પોતાનું ચિત્ત બધી બાજુથી ખેંચી લેઇને એકાગ્ર કરી લે. જે મકાનમાં એ પ્રયોગ થાય તેમાં વધારે ભીડ અને શબ્દ ન થતા હોય. આ પ્રયોગ કરવાથી પાત્ર થોડીજ વારમાં ઉંઘતા જેવો થઇ જશે, નિદ્રા આવતાં જ પ્રયોગ બંધ કરી દેવો જોઇએ.

પ્રયોગની ત્રીજી રીત—પ્રયોક્તા અને પાત્ર બંને સામસામા બેસી જાય. અને પ્રયોક્તા પોતાની આંગળીઓ અને અંગુઠાની વચ્ચે પાત્રના અંગુઠાને પકડીને ધીરે ધીરે દબાવે. એમ કરતી વખતે પાત્ર અને પ્રયોક્તા એક બીજાની સામે નજર માંડીને જોઇ રહે એમ કરવાથી દશબાર મિનિટમાંજ બંનેના હાથની ગરમી સરખી થઇ જશે પછી પાત્રના અંગુઠા છોડી દઇ પહેલાની રીતે હાથ માથાપર લેઇ જઇ ધીરે

ધીરે ઉતારવા માટે પરંતુ હમેશાં એટલું તો લક્ષમાં રહેવુંજ જોઈએ કે, ભૂલે ચૂકે પાત્રના શરીરને હાથ અડકી ન જાય.

સમ્યક પ્રયોગની પરીક્ષા—પાત્રના ઉપર સારી રીતે પ્રયોગ થયો છે કે નહિ તેની પરીક્ષા એ છે કે પ્રયોગ કરતાં કરતાં પાત્રની આંખો ઘેરાઇ જવા લાગે છે, અને થોડીવારમાં ગાઢ નિદ્રામાં પડી જઈ અચેત થઈ જાય છે; આ નિદ્રાને કોમા કહે છે. પાત્રના શરીરનો કોઈ અવયવ ઉંચો પકડી રાખી છોડી દો અને તે વગર હરકતે ઇંટ પથ્થરની પેઠે ધબ દઈને પડી જાય તો જાણવું કે પ્રયોગ સારી રીતે થયો છે, પણ અવાજ થતાં ચમકીને જાગી ઉઠે તો જાણવું કે પ્રયોગ બરાબર નથી થયો. આ અવસ્થામાં ફરીથી પ્રયોગ કરવો જોઈએ. પણ બોલાવવા છતાં એ ગાઢ નિદ્રામાં પડી રહે તો સમજવું કે પ્રયોગ ઠીક થયો છે. એ રીતે પ્રયોગ ઠીક થયા પછી પાત્રને પૂછો કે, આપે કરેલો પ્રયોગ નિયમ છે કે નહિ. અમારા પ્રયોગના કરવા કોઈ ઉત્તમ વિધિ હોય તો બતાવો ' વગેરે પ્રશ્નના ઉત્તર મળ્યા પછી પાત્રના કહેવા પ્રમાણે કાર્ય સાધનમાં તત્પર થઈ જવું.

પ્રયોગને ઉતારવાની રીત—પ્રયોગ કરવાની રીતથી પ્રયોગ ઉતારવાની રીત ઉલટી છે. આમાં પગ આગળથી હાથને માથા તરફ લઈ જાઓ. એમ પંદર વીસ વાર કરવાથી પાત્ર સચેત થઈ જશે, પરંતુ એ કામ પણ બહુ ધીરે ધીરે કરવાનું છે. અહીં સુધી તો અમે વાચકોને મેસ્મેરિઝમની પ્રયોગની માહિતી આપી સૂચના. ઉપર જણાવેલા પ્રયોગ કરવાથી પાત્રમાં એક રીતની શક્તિ આવી જાય છે કે, એ [illegible] ઘણી વાતો જણાવતો થઈ જાય છે. હવે અમે નીચે [illegible] પ્રયોગો, [illegible] મનુષ્યોના [illegible] જણાવીએ છીએ.

રોગ નિવારક વિધિમાં કર્તવ્ય કર્મ—(૧) રોગ નિવારક
કર્મ કરવા સારૂ એવા પ્રયોક્તા જોઇએ કે જે મહાત્મા, જિતેન્દ્રીય,
પરોપકારી, નિરપેક્ષ અને દયાલુ હોય. (૨) આ પ્રયોક્તા આત્મ-
શ્લાઘા-પોતાના વખાણ કરનાર ન હોય અને પ્રશંસા થવાની ઇચ્છાથી
હાય તેની સામે આ પ્રયોગ કરવા ન માટે [૩] રોગીને એવી જ-
ગાએ પ્રયોગ કરે કે જ્યાં પાત્ર અને પ્રયોક્તા એજ હોય. (૪) રોગ જ-
ડમૂળથી જતા સુધી પ્રયોગ કર્યાજ કરે, વચમાં છોડી દેવાથી પહેલાંના
રોગ નિષ્ફળ જાય છે. (૫) ચિકિત્સા કરતી વખતે રોગીને દરેક પ્રકારે
સાવધાન રાખે અને મીઠાં વચનોથી તેના ચિત્ત સંતુષ્ટ રાખે. (૬)
પ્રયોક્તાને ઘટે છે કે તે સદા સાવધાન, સ્થિરચિત્ત અને આનંદિત રહે.
(૭) જો રોગીનો સંબંધ હોય છે તો તત્કાલ આરોગ્ય થાય છે (૮)
આ ચિકિત્સા સદા એકજ નિયમિત સમયે કરવી જોઇએ. કેમકે વખત
બદલવાથી પણ વિપરીતતા થાય છે (૯) રોગ નિવારણ પ્રયોગ રોજ
એક કલાકથી વધારે વાર નહિ કરવો જોઇએ; જ્યારે એ વખતમાં એકજ
અણુપર પ્રયોગ થતો હોય કે વધારે અણુઓપર થતો હોય. [૧૦]
ચિકિત્સા કરતી વખતે નિડર, સ્વચ્છ ચિત્ત, વિશ્વાસ સંયુક્ત, દૃઢ.
ધ્યાન, ધૈર્યવંત અને કાર્યશીલ હોવું જોઇએ

મેસ્મેરિઝમદ્વારા ચિકિત્સાની વિધિ--[૧] શિરના દર્દમાં
કેટલા પ્રયોક્તા એમ કરે છે કે કોઈ રગ નસ યા શિરાઓને દબાવીને
પોતાના પ્રયોગ પાડેછેઆઠેછે (૨) કોઇ લોક મોઢથી ફુંકી ઝાડે છે. (૩)
કોઈ આંગળીથી ઝાડે છે (૪) કોઇ સાવરણીના છેડાથી ઝાડે છે (૫)
કોઈ મંત્રેલું પાણી પાઇને રોગ મટાડે છે (૬) કોઈ મંત્ર બોલીને
રોગવાળા ભાગઉપર ફુંક મારે છે

ગાંઠિયા વાયુની ચિકિત્સા—આ રોગની ચિકિત્સામાં રોગીના માથેથી તેના હાથની આંગળીઓ સુધી પોતાના હાથ ઉતારે અને પછી હાથ પ્રસારી રાખે, પછી હાથ હલાવીને બગલની તરફ હાથને ફરી ફરીના હાડકા તરફ ઉતારે; એ રીતે દરરોજ નિયમિત વખતે કરતા રહેવાથી રોગ શાન્ત થઇ જશે.

શ્વાસ ચિકિત્સા—જે માણસને શ્વાસનો રોગ હોય તેને ઉધું મોઢું કરાવીને સુવાડે અને આડધા ગજ ફલાલેનનો એક ટુકડા લેઈ તેની ચાર ગડી વાળીને તેના વાંસાપર રાખવી. આ ફલાલેનનો એક છેડો એની ખાધપર લેઇ જવો અને જોરથી તેમાં ફુંક મારવી, એ વખતે પોતાનો જમણો હાથ રોગીના પેટપર લગાડી રાખવો, પછી દશ મિનિટ સુધી એ રીતે કરીને તેના હાથોની નીચે હાથ ઉતારવા માંડવા અને રોગીના અંતઃકરણ સ્થાન તરફ એક ચિત્તજેઈ રહેવું અને પછી ઘુંટણથી માંડીને પગની આંગળીઓ સુધી પાસ કરતા ચાલો. એ રીતે કરવાથી થોડાજ દિવસમાં શ્વાસ રોગ જતો રહેશે.

ઉદરરોગની ચિકિત્સા—જે રોગીના પેટ, હાથ, કમર અને છાતી વગેરેમાં વેદના થતી હોય તેની ચિકિત્સા એવી રીતે કરવી કે, રોગીને પોતાની સામે બેસાડવો અને તેની આંખે આંખ મિલાવી હાથના અંગુઠાને પોતાના હાથોથી ધીરે ધીરે મસળીને બધા દેહપર પાસ દેવા માંડવા અને થોડી વાર સુધી પોતાની હથેળી પણ રોગીના જે ભાગપર દરદ થતું હોય ત્યા રાખી મેલવી, જેથી થોડીજ વારમાં દરદ ઓછુ થઇ જશે.

આવી રીતે આ મેસ્મેરિઝમ વિદ્યામાં પુરેપુરો અભ્યાસ કરી સિવાયી મોટમોટા લાભ થત છે. જે જોઇને માણસો ચકિત થઇ જાય છે.

વામ માર્ગીની વિદ્યાઓ.

એનાં ગ્રહ કર્મ ૭ પ્રકારનાં છે. શાન્તિકરણ, વશીકરણ, સ્તંભન, વૈર, ઉચ્ચાટન તથા મારણ. તેમાં શાન્તિકરણ વિદ્યાથી રોગ, જાદુ, ગ્રહ ઈત્યાદિની પીડા મટાડી શકાય છે. વશીકરણ વિદ્યાથી મનુષ્ય કિંવા ઢોર પ્રાણી કેવળ તાબે કરી શકાય છે. સ્તંભન વિદ્યાથી ગતિ રોકાય છે; વૈરથી પ્રેમ તથા સ્નેહનો નાશ કરી શકાય છે. ઉચ્ચાટન સ્વદેશ ત્યાગ કરાવે છે અને જીવ બેચેનમાં રાખે છે. મારણ વિદ્યાથી મુઠ, ચોટ મારી હરેક જીવ ધારીનો પ્રાણ બંધ કરી શકાય છે. એ દરેક કર્મ કરતી વેળાએ અમુક દિશાએ મુખ રાખવું પડે છે તે દિશાઓ ઈશાન, ઉત્તર, પૂર્વ નૈરૂત્ય વાયવ્ય તથા અગ્નિ છે. તથા તે દરેકની જુદી જુદી દેવીઓ હોય છે. અનુક્રમે રતિ, સરસ્વતી, લક્ષ્મી, જયેષ્ટા, દુર્ગા અને ભદ્રકાળી દેવીઓનું પ્રથમ પુજન કરવુ પડે છે. જેઓને શ્વેત, રક્ત, પિંગ, તામ્ર ધુમ્ર અને શ્યામ રંગ છે. વળી એ કરવામાં ઋતુ વિચાર અવશ્ય છે. પ્રાતઃ કાળમાં હેમંત, સુર્યોદય પછી વસન્ત, બપોરે ગ્રીષ્મ, તે પછી વર્ષા સાયંકાળે શિશિર અને મધ્યરાત્રી સમયે શરદ ઋતુ ભોગવાય છે. હવે હેમંતમાં શાન્તિ કર્મ, વસન્તમા વશીકરણ, ગ્રીષ્મમાં વૈર, વર્ષામાં ઉચ્ચાટન, શિશિરમાં સ્તંભન તથા શરદમા મારણ પ્રયોગ ચલાવાય છે.

આ ક્રીયાઓ કરતી વખતે અને તેને લગતા મંત્રો જપતી

વૈશાએ બેસવાના આસનોમાં પણ ભેદ છે. શાન્તિકરણમાં **સ્વસ્તિક**, વૈરમાં **કુક્કટ**, ઉચ્ચાટનમાં **અર્ધ સ્વસ્તિક**, સ્તંભન તથા મારણમાં **વિકટ**, વશીકરણમાં **ભદ્ર**, એવાં આસનો ઉત્તમ ગણાય છે. મંત્રોમાં પણ પુરુષ, સ્ત્રી તથા નપુંસક એવાં ત્રણ લિંગ છે. જે દરેકને કાર્ય મુજબ વાપરવાં પડે છે. દરેક કાર્ય માટે જૂદાં જૂદાં પદ છે. જે જપતી વખતે ઉપયોગમાં લેવાય છે. બંધન, ઉચ્ચાટન, દ્વેષ, તથા સંક્ષોભ કાર્યોની સિદ્ધિ માટે **હુમ** હોમમાં **ફટ**, અરિષ્ટ તથા ગ્રહ-નિવારણમાં **હુંફટ**, પૌષ્ટિકમાં **વૌષટ**, અગ્નિ કર્મમાં **સ્વાહા** તથા બીજા સર્વે પૂજનોમાં **નમ** શબ્દનો ઉપયોગ થાય છે. **હુંફટ** પુરુષ, **સ્વાહા** સ્ત્રી, તથા **નમ** વાળા મંત્રો નપુંસક ગણાય છે. વશીકરણ તથા શાન્તિ કર્મમાં **પુરુષ**, ક્ષુદ્ર ક્રિયાઓમાં **સ્ત્રી** તથા બાકીનાઓમાં **નપુંસક** મંત્રો વપરાય છે.

આ સિવાય અનુ- [illegible] મંત્ર જપવા [illegible] માળા વપરાય છે તેના [illegible] માટે **મોતી** અથવા **હીરાની માળા** [illegible] ગજ **મુક્તાની** માળા [illegible] **બેરેડાની** [illegible] **અંખેડાના દાંતની** [illegible] સિદ્ધ માટે **શંખમણિની માળા** [illegible] **પદ્માક્ષની** [illegible] **રૂદ્રાક્ષની** [illegible] **કમળ તંતુની** [illegible] **ના પુત્રજીવા વાળાની** [illegible] **આમળાની** **નવની** [illegible] **સુતરની** [illegible]

તિની માળાના ૨૭ દાણા જોઇએ. બેહેરાના ૧૫ મણકા અને બીજી બધી માળાઓમાં ૧૦૮ દાણાઓ જોઇએ, તે ફેરવવાની યુક્તિ અને નિયમ બહુજ ગુપ્ત રાખવામાં આવે છે. શાન્તિકરણ, સ્તંભન અને વશીકરણમાં અંગુઠા અને વચલી આંગળીથી માળા ફેરવવી, આકર્ષણમાં અંગુઠા અને અનામિકાથી માળા ફેરવવી, અને વર તથા ઉચ્ચાટનમાં અંગુઠા તથા તર્જની આંગળીથી માળા ફેરવવી, તેમજ મારણના પ્રયોગમાં અંગુઠા તથા કનિષ્ઠા આંગળીએ માળાના દાણા ફેરવવા જોઇએ.

મન્ત્રોનો જપ ત્રણ પ્રકારનો છે. વાચિક, ઉપાંશુ તથા માનસ, વાચિક મંત્ર અન્ય કોઇ સાંભળે તેમ સ્પષ્ટ બોલાય છે. ઉપાંશુમાં માત્ર ઓષ્ઠસ્ફોટ હાલે છે. માનસ મંત્રમાં અંતર ઉચ્ચારણજ થાય છે. વળી જુદાં જુદાં કાર્યો માટે જુદી જુદી વસ્તુઓનો હોમ કરવામાં આવે છે અને તે તે પદાર્થોનું અગ્નિમાં હવન થાય છે. શાન્તિકરણમાં દૂધ, ઘી, તલ, પિંપલ; પુષ્ટિમાં બીલીપત્ર, ઘી; વશીકરણમાં રાઇ, લવણ-મીઠું; ઉચ્ચાટનમાં કાગડાની પાંખ; મોહનમાં ધંતુરાનાં બીજ; મારણમાં લોહીની મેળવણીવાળું ઝેર એ મુજબ પદાર્થો હોમવામાં આવે છે. એ વસ્તુઓનું હવન કરતી વખતે અમુક મુદ્રાથી કામ થાય છે, અને અજ્ઞાનતાથી ખોટી મુદ્રાનો ઉપયોગ થયે કરનાર પાણી અને તેનું કામ ભાગી નુકશાન પામે છે. વખતે જીવ પણ જાય છે. એવી હોમ મુદ્રા ત્રણ છે જેને શુકરી, હંસી અને મૃગી કહે છે. આંગળી દેતી વખતે જે હાથને સંકોચી આપવામાં આવે છે તેને શુકરી, કનિષ્ઠિકાને છોડી જે દેવામાં આવે છે તેને હંસી, અને તર્જની તથા કનિષ્ઠાના મેળાપથી જે આહુતી

આપવામાં આવે છે તેને જુદી જુદા કહે છે. એ ઉપરાંત પ્રયોગ કરવાં જે આસનો વપરાય છે તે પણ જુદાં જુદાં પાયામાં હોય છે. પદ્માસન માટે બેંકના ચામડાનું આસન જોઈએ, આરોગ્ય માટે ચમનના ચામડાનું, ઉચ્ચાટન માટે ઉંનના ચામડાનું, સિદ્ધિ માટે ચિત્તાના ચામડાનું, અને મારણ માટે ભેંસના ચામડાનું આસન વપરાય છે, એના ઉપર અમલ કરવાને સંપ્રદાયે મંત્રો, બીજે મંત્ર અને તંત્ર તથા ક્રિયાઓ છે. વળી તેના ઉપયોગમાં બીજી અલૌકિક બાબતોએ છે જે હાલ બીજી વખત બતાવીશું. આ ક્રિયાઓ ગુરૂ વિના સાધ્ય થઈ શકતી નથી. કારણ કે તેમાં જો જરીક પણ ખામી રહી જાય છે તો ધાર્યા કરતાં ઉલટું પરિણામ આવે છે. આ બાબતની મને વધારે માહિતી છે પણ મારી સલાહ એવી છે કે આવી બાબતમાં અધીરા થઈ ઉતરવાની કાંઈ જમાનાને જરૂર નથી. કારણ કે પરમાર્થ કરતા સ્વાર્થ તરફ ઘણાક ઘણાક લોક ને વધારે વળતા જાય છે. તેથી વખતમાં તો ફક્ત આવી ક્રિયાઓથી જે જે નવીનતાથી માહિતી મળે તેને ગુપ્ત રસ્તામાં જાણવી સાધક આયાસ ને જરૂરી એજ હિતકર છે.

વેદકેરીકા સમાપ્ત.

પ્રકટ કરી શકો. પણ ખરા શિક્ષક પ્રથમ હાથ ચોંટાડી દેવાનું શિખવે છે. પણ હાથ ચોંટાડી દેવામાં સિક્કાને ઉપમાં નાંખવાની કાંઇ પણ જરૂર નથી. તમે જેના હાથ ચોંટાડી શકયા તેને તમે ઉપમાં નાંખી શકશો જ એવું ચોક્કસ કહી શકાય નહિ. પણ વશમાં આણેલા ક રેલો પ્રત્યે તમે એવી સ્થિતિપર આણો કે જ્યારે મરજી જ ધારો ત્ય ક્ષણમાં તે સિક્કાને ઉપમાં નાખી શકો. પ્રથમશ્રીજ ભાગને સ્થિતિમાં લાવવા પ્રયત્ન કરવો એ અઘરું અને સાધારણ સમજથી પણ સિદ્ધ છે. એક સાધારણ દાખલો લઇ તમને આ બાબત સમજાવીશું. તમે કોઇ અજાણ્યા માણસ પાસે જઇ એકદમ દશ હજાર રૂપિઆ ઉછીના માગતા નથી. પણ પ્રથમ તો તેવા કાર્ય માટે તમે તેની સાથે ઓળખાણ કરો, વાતચિત કરો, ધીમે ધીમે, થોડા રૂપિઆ ઉછીના લઇ જાઓ, થોડા વખત પછી તે પાછા આપો, પછી વધારે લઇ જઇ પાછા આપો એમ વહેવાર વધારો અને ધીમે ધીમે તમે દશ હજાર રૂપિઆ ઉછીના માગો તોપણ મળશે. આટલું વિવરણ આ બાબતને સમજાવવા તો ઘણી બાબત સમજાશે.

[illegible]

દાન મનુષ્ય ઉપર આ પ્રયોગ અજમાવ્યા શિવાય નમે તે અત્યારમાં મનુષ્યોના ભેગાડી છે એમ કહી શકાય નહિ. કારણ કે મુડદાં માણસો ઉપર જે પ્રયોગ થઈ શકે છે તે રદ્ધ આખા ભાગ ઉપર મણી શકે ચાલતી કરી શકે. એ તો અમસ્તા તેમ છે કારણ કે આગળ અને રદ્ધ પુરુષની મગજ વાળા બંધ વિગેરે જાય છે તેથી સામા મનુ- [illegible]

[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

